**<u>અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ.</u>**

અરજદાર **ઇમદાદ મોમિન** ની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલી છે કે, તેઓ અરજીમાં જણાવેલ સરનામે રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ જે બનાવમાં તેમના **HDFC BANK ના ખાતા નંબર 50100267980822 માંથી કુલ રૂા. 50000/-** ઉપડી ગયેલ હતા. જે બાબતે તેઓએ 1930 નંબર ઉપર કોલ કરીને ફરિયાદ નોંધાવેલ હતી. જે સબબ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા સામાવાળાના **ICICI BANK** ના ખાતા નંબર **631301513096** ખાતામાં તેઓના ગયેલા નાણા પૈકી **રૂા. 3200/-** બી.એન.એસ.એસ ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતાં, જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં, જણાવેલ છે કે, આ બાબતે એફ.આઇ.આર. થયેલી નથી. તેઓને ખૂબજ મોટું આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપિયાની જરૂર હોય, સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

અરજદાની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ, ગાંધીનગરનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહીત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે ત.ક.અ.શ્રી / નાયબ પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ, ગાંધીનગર નાઓએ હાલના અરજદારે કરેલી મુદ્દામાલ પરત મેળવવાની અરજી બાબતે તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદાનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, હાલના અરજદાર સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ, જેમાં અરજદારના એકાઉન્ટમાંથી અરજદારની અરજી મુજબનાં નાણાં ઉપડી ગયેલા હતાં. જે બાબતે અરજદારે પોતાની ફરિયાદ નોંધાવેલ હતી. જે ફરિયાદ આધારે અરજદારના ખાતામાંથી ગયેલા નાણાં પૈકી સામાવાળાનાં ઉપરોકત ખાતામાં **રૂા. 3200/-** બી.એન.એસ.એસ ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાણાં પાછા મેળવવા માટે અરજદારે આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારૂં તેઓનો અભિપ્રાય માંગેલ છે, જે બાબતે તેઓએ જણાવેલ છે કે, અરજદારના નાણાં સામાવાળાના જે ખાતામાં ગયેલ તે બેંક ખાતા બનાવટી હોવાનું તપાસમાં જાણવા મળેલ છે તથા સદરહું ખાતું સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ વ્યકિતએ ખાતું સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી, જેથી તે રૂપિયા અરજદારને પરત આપવા તેમનો અભિપ્રાય થાય છે.

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણા બેંકમાં જમા હોય તથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ :–**

અરજદારની અરજી આથી ફોજદારી કાર્યરીતિઅધિનિયમની કલમ–૪૫૭ હેઠળ મંજુર કરવામાં આવે છે.

અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમ **રૂા. 3200/–** પુરા દોઢી રકમના જાત જામની (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાત તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ **ICICI BANK** ને હુકમ કરવમાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી દ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં તેમની બેંકના એકાઉન્ટ નંબર **ICICI BANK ના ખાતા નંબર 631301513096 ખાતામાં તેઓના ગયેલા નાણા પૈકી રૂા. 3200/–** જમા છે તે રકમ અરજદારના **HDFC BANK ના ખાતા નંબર 50100267980822** માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**–:: શરતો ::–**

(૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે આ નાણાં અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઇ વ્યકિત સદર નાણા પર કલેઇમ કરે અને પોતાનો હક / હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અરજદારે સદર મુદ્દામાલ રોકડ નાણા અન્ય કોઇને ગીરો, બક્ષીશ કે અન્ય કોઇ રીતે ટ્રાન્સફર કરવા કરાવવા નહીં.

(૪) સદર મુદ્દામાલ રકમનો કોઇ ગુનાહીત કામે ઉપયોગ કરવો / કરાવવો નહીં.

(૫) કોઇપણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજ રોજ તા.૧૪ મી માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪–૦૯–૨૦૨૪

(ડો.ભારતી જી. રાઠોડ)
૩૭ માંએડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.
કોડ નં. – GJ 01481